# પેપર કાંડમાં ધનસુરાનાં વધુ એક આરોપીની અટકાયત

## પેપર લીક કૌભાંડમાં દિલ્હીની આંતરરાજય દહિયા ગેંગના સભ્યો પણ સંડોવાયેલા હતા : હજુ કૌભાંડની તપાસ ચાલુ

મોડાસા,તા.૨૪

લોકરક્ષક દળ પેપર ફોડવાના ગુનામાં ગાંધીનગર પોલીસે ત્રીજા મહિને ધનસુરા ખાતેથી વધુ એક આરોપીની અટકાયત કરી છે. ધનસુરા તાલુકાના વડાગામના રહેવાસી એવા આરોપી મૌલિક પટેલને ગાંધીનગર પોલીસે પકડી પાડ્યો છે. તે વિશ્વ હિન્દુ પરિષદ સાથે સંકળાયેલો છે. પોલીસ તેની ધપરકડ કરી આ સમગ્ર કૌભાંડ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ગાંધીનગર પોલીસ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને એટીએસની ટીમે લોકરક્ષક દળ પેપર લીક કૌભાંડમાં ગત તા.૨ જી જાન્યુઆરીના રોજ ત્રણ આરોપીઓને ઝડપી લીધા હતા. આ સમગ્ર કૌભાંડમાં ગુજરાત પોલીસને આંતરરાજય દહીયા ગેંગના ત્રણેય સભ્યોને પકડવામાં એક મહિના બાદ સફળતા મળી હતી. પોલીસ તપાસમાં એવી ચોંકાવનારી હકીકત સામે આવી હતી કે, ત્રણેય આરોપીઓને પ્રિન્ટિંગ પ્રેસમાં હરિયાણા પોલીસ સેવાનું પેપર લેવા ગયા હતા અને ત્યાંથી ભુલથી ગુજરાત લોકરક્ષક દળની પરીક્ષાનું પેપર હાથે લાગ્યું હતું.

પેપરલીક કૌભાંડનું કાવતરું અમદાવાદની આશ્રમરોડ ખાતેની વાઈસ પ્રેસિડન્ટ હોટલમાં ઘડાયું હતું. જયાં ગુજરાત અને દિલ્હીની ગેંગ વચ્ચે ગત તા.૨૮ ડિસેમ્બર,૨૦૧૮ના રોજ મિટિંગ મળી હતી. હોટલનો રૂમ આ કૌભાંડના મહત્વના આરોપી નિલેશ ચૌહાણના નામે બુક કરવામાં આવ્યો હતો. આ કૌભાંડની પ્રાથમિક તપાસમાં ગત તા.૪-૧૨-૨૦૧૮ના રોજ પોલીસે યશપાલસિંહ સોલંકીને મુખ્ય સૂત્રધાર બતાવ્યો હતો, બાદમાં તા.૬-૧૨-૨૦૧૮ના રોજ સમગ્ર કૌભાંડની કિંગ પીન નિલેશ ચૌહાણ છે અને બીજા દિવસે શુક્રવારે તા.૭-૧૨-૨૦૧૮ના રોજ ગુલાંટ મારી ઈન્દ્રવદન પરમારને મુખ્ય આરોપી બતાવ્યો હતો. ગત તા.૧૭-૧૨-૨૦૧૮ના રોજ પોલીસે અશ્વિન અને સુરેશ પંડ્યાને મુખ્ય કાવતરાખોર ગણાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, લોકરક્ષક ભરતી દળનું પેપર લીક થયા બાદ રાજ્ય સરકાર હચમચી ઉઠી હતી, આ મામલે હજી સુધી તપાસનો દોર ચાલું છે. આ મામલે પોલીસે આજે વધુ એક વ્યક્તિની અટકાયત કરી છે. મૌલિક પટેલ નામની આ વ્યક્તિને ધનસુરાના વડાગામમાંથી પોલીસે દબોચ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં લોકરક્ષક દળનું પેપર લીકકાંડના સૂત્રધાર યશપાલસિંહ સોલંકીની મહિસાગરના વિરપુર ગામમાંથી પોલીસે ધરપકડ કરી લીધી હતી. આ સમગ્ર કૌભાંડમાં મોટાભાગના તમામ આરોપીઓ બનાસકાંઠા અને સાબરકાંઠા વિસ્તાના રહેવાસીઓ હતા.



શોભાયાત્રા - ગાંધીનગર જિલ્લાના મગોડી ખાતે આવેલ સુપ્રસિદ્ધ મહાકાળી માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ધામધૂમપૂર્વક શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રામાં મગોડી ગામના તથા આસપાસના વિસ્તારોના મહાકાળી માતાના ભક્તો, ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામાં માનવ મહેરામણ જોડાયો હતો.



## પ્રાંતિજના વાઘપુર ખાતે શ્રી કાલભૈરવ મંદિર ખાતે દ્વિતિય પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વાધપુર ખાતે આવેલ શ્રી કાલભૈરવ દાદાના મંદિર ખાતે દ્વિતિય પાટોત્સવ યોજાયો હતો. જેમાં પોટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વાધપુર સરપંચ ભરતસિંહ રાઠોડ, તાલુકા સદસ્ય પ્રદિપસિંહ રાઠોડ, મહાવીરસિંહ, લક્ષ્મણસિંહ રાઠોડ, મંદિર વ્યવસ્થાપકો, ગામજનો, આગેવાનો સહિત હજારોની સંખ્યામાં ભક્તો પાટોત્સવમાં ઉપસ્થિત રહીને દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા વિનામૂલ્યે નેત્ર નિદાન- સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કમાલપુર ખાતે સર્જન ફાઉન્ડેશન દ્વારા વર્ષનો ૨૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો જેમાં કમાલપુર ગામ સહિત આજુબાજુમાં રહેતાં દર્દીઓએ લાભ લીધો હતો.





પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ પ્રાથમિક શાળા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજિત વર્ષનો ૨૩મો વિનામૂલ્યે નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો. જેમાં કમાલપુર ગામ સહિત આજુ બાજુમાં રહેતાં ગોમામાથી કુલ-૮૩૦ દર્દીઓએ સેવાનો લાભ લીધો હતો અને ૪૭૬ વ્યક્તિઓને રાહત દરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જયારે ૧૧૯ દર્દીઓને ઇડર ખાતે આવેલ આત્મવલ્લભ હોસ્પિટલ ખાતે વિનામુલ્યે ઓપરેશન સહિત દર્દીઓને રહેવા જમવા તથા લાવવા લઈ જવા સુધીની સગવડ પણ પુરી પાડવામાં આવશે. સમગ્ર કેમ્પનું સફળ આયોજન સંસ્થાનાં પ્રોજેકટ ઓફિસર અશોકભાઇ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે નેહાબેન ભટ્ટ, આસ્મીનબાનું મારફતીયા, શબાનાબાનુ ધોરી, અરવિંદસિંહ ચૌહાણ, સોહિલ રાઠોડ, મહેબુબભાઇ તો કમાલપુર પ્રાથમિક શાળાના આચાર્ય સપનાબેન દ્વારા સહિયોગ પુરો પાડવામાં આવ્યો હતો.

# પ્રાંતિજ ઉમાધામ ખાતે પ્રથમ પાટોત્સવ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વેસ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ વાડી ખાતે પ્રથમ પાટોત્સવ યોજાયો.

પ્રાંતિજ રેલ્વેસ્ટેશન જીઇબી પાસે આવેલ શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજની વાડી ઉમાધામમા બિરાજમાન રાજરાજેશ્વરી શ્રી ઉમિયા માતાજી, શ્રી અંબે માતાજી, શ્રી ગાયત્રી માતાજી, શ્રી ઉમેશ્વર મહાદેવ, શ્રી કષ્ટભંજન હનુમાનજી, શ્રી ભૈરવદાદા તથા શ્રી ગણપતિ દાદાના મંદિરનો પ્રથમ પાટોત્સવ તા.૨૩-૨-૨૦૧૯ના રોજ યોજાયો હતો જેમાં મંદિર પરિષદમાં નવચંડી યજ્ઞ, શ્રી ફળ હોમ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. પ્રથમ પાટોત્સવના મુખ્ય યજમાન રસિકભાઇ પૂંજાભાઇ પટેલ પરિવાર દ્વારા યોજાયો હતો. રાત્રી સમયે રાસ ગરબાનું પણ યુવક મંડળ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી



બાવનગોળ કડવા પાટીદાર સમાજના ભાઇ બહેનો સહિત આજુબાજુમાં રહેતાં ધર્મપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને યજ્ઞ દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી. શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના ભાઇ બહેન દ્વારા શહિદ થયેલ જવાનોને બે મીનીટ માટે મૌન પાડી શ્રધ્ધાંજલી આપવામાં આવી હતી.

# બોભા ખાતે વિનામૂલ્યે સારવાર કેમ્પ યોજાયો

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોભા ખાતે વિનામુલ્યે સારવાર કેમ્પ યોજાયો. જેમાં આંખ, નાક-કાન, ગળા તથા ચામડીના રોગોના નિષ્ણાંત ડોકટરો દ્વારા ઉપસ્થિત રહીને વિનામુલ્યે સારવાર આપી.

પ્રાંતિજના બોભા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં લાયન્સ કલબ ઓફ ગાંધીનગર તથા લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઇ પટેલ આઈ હોસ્પિટલ ઓગણજના સહયોગથી અને જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના ઉપક્રમે ૨૧મો મફત નેત્ર, ચામડી, નાક કાન ગળાનો તથા ડાયાબીટીસ નિદાન કેમ્પ યોજાયો. જેમાં ચામડીના રોગોના નિષ્ણાત ડોકટર અર્પિતાબેન પટેલ તથા નાક-કાન ગળાના નિષ્ણાત ડોકટર દર્શક ટી. ધરજીયા તથા આંખોના નિષ્ણાત ડોકટરો દ્વારા વિનામુલ્યે સેવાઓ આપી હતી. દર્દીઓને દવાઓ તથા ચશ્માનુ રાહત દરે આપવામાં આવી હતી. લાયન્સ કલબ ઓફ ગાંધીનગર દ્વારા મોતીયાના દર્દીઓને વિનામુલ્યે નેત્રમણિ લાયન્સ કર્ણાવતી શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ આઈ હોસ્પિટલ ઓગણજ ખાતે લઈ જવામા આવશે અને ઓપરેશન કરી આપવામાં આવશે. આ પ્રસંગે બોભા સરપંચ આદરસિંહ શીવસિંહ



રાઠોડ, પ્રાંતિજ જાયન્ટસ સ્થાપક ડાૅ.એન.કે. ડેરિયા, પિયુષભાઇ શાહ, લાયન્સ કલબ ઓફ ગાંધીનગરની ટીમ તથા જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજની ટીમ ઉપસ્થિત રહીને સેવાઓ આપી હતી.

# હારીજમાં ખેતરમાં વાવેલો ૫૦૦ કિલો ગાંજો-અફીણનો જથ્થો કબ્જે

પાટણ જિલ્લાના હારીજના પીપલાણા ગામે પાટણ એસઓજી અને અને હારીજ પોલીસે પીપલાણા ગામની સીમમાં દરોડા પાડી ગાંજા-અફીણની ખેતીના કૌભાંડનો પર્દાફાશ કરતાં સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. પોલીસે આ સમગ્ર પ્રકરણમાં આરોપી ખેડૂત જીવણજી સરતનજી ઠાકોરની ધરપકડ કરી તેના ખેતરમાંથી ૫૦૦ કિલો ગાંજા અને અફીણનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસ હવે આ ખેડૂતે કોના ઈશારે અને કઈ ચેઈન થ્રુ ખેતરમાં ગાંજા-અફીણની ખેતી શરૂ કરી હતી અને આ સમગ્ર પ્રકરણમાં અન્ય કોણ કોણ સંડોવાયેલું છે તે સહિતના મુદ્દાઓની તપાસ આરંભી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, પાટણ જિલ્લાના હારીજના પીપલાણા ગામે એક ખેડૂતે ગાંજાનું વાવેતર કર્યુ હોવાની બાતમીના આધારે પાટણ એસઓજી અને હારીજ પોલીસને મળી હતી.જેના આધારે પાટણ એસઓજી અને હારીજ પોલીસે સંયુક્ત રેડ કરતાં બે થી અઢી વિધા ખેતી પ્લોટમાં એરંડાની આડમા વાવેતર કરેલા ગાંજો અને અફીણનો જથ્થો ઝડપતા વિસ્તારમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. હારીજ તાલુકાના પીપલાણાના ખેડૂત જીવણજી સરતાનજીના ભલાણા માર્ગે આવેલા તળાવ બાજુના બે થી અઢી વિઘાના ખેતરમાં એરંડાના વાવેતર વચ્ચે વચ્ચે ગાંજો તેમજ અફીણના ડોડવાના વાવેતર કર્યુ હોવાની વાત સામે આવી હતી. પાટણ એસ.ઓ.જી પીઆઈ ડી. એચ. ઝાલા, રાધનપુર સી. પી. આઈ. રાઠવા અને હારીજ પીએસઆઈ એચ.એલ.જોશી તેમજ પોલીસ સ્ટાફે બપોરના સુમારે સંયુક્ત રેડ કરતાં અંદાજિત ૫૦૦ કિલો લીલો ગાંજો તેમજ ગાજા ભેગોજ અફીણના છોડ ઝડપી પાડી ખેડૂત જીવણજી સરતનજી ઠાકોરની ધરપકડ કરી હતી.

# ડીસામાં બુટલેગરની ગાડીમાંથી વિદેશી દારૂ પકડાયો, સ્થાનિક પોલીસની નિષ્ક્રિયતા

ડીસા, તા. ૨૪

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ વચ્ચે એલસીબી પોલીસે



કુખ્યાત બુટલેગરની મારૂતિ ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. તેથી ફરી એકવાર સ્થાનિક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી.

જિલ્લા પોલીસ વડા પ્રદીપ સેજુએ દારૂબંધીના કાયદાનું કડક અમલીકરણ કરવા સૂચના આપેલ છે. તેમ છતાં વેપારી અને તાલુકા મથક ડીસામાં દેશી અને વિદેશી દારૂનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. તેમાં પણ કુખ્યાત બુટલેગરો વિદેશી દારૂની માંગોને બ્રાન્ડની બોટલની બેરોકટોક હોમ ડિલીવરી કરે છે. ત્યારે મળેલી બાતમીના આધારે એલસીબી પી.આઈ. પી.એસ. વાઘેલાએ સ્ટાફ સાથે શહેરની સ્યામ બંગ્લોઝ સોસાયટીમાં આકસ્મિક રેડ પાડી કુખ્યાત બુટલેગર ગોવિંદભાઈ રાણાભાઈ જોષીની મારૂતિ ૮૦૦ ગાડી (નં. જીજે.૨૧.૬૫૩૮)માંથી વિદેશી દારૂની ૩૪ બોટલ ઝડપી પાડી હતી. જોકે ચાલાક અને ચબરાક બુટલેગર પોલીસને હાથતાળી આપી ફરી એકવાર છટકી ગયો હતો. પોલીસે દારૂ અને ગાડી કબ્જે લઈ તેની વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી તેની ધરપકડ કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

## અતિતની આજ ● ચોથા પાનાનું ચાલું

પાકિસ્તાન અંગે સમવિચારી અને રામમંદિર સહિતના મહત્વના મુદ્દે સાથે રહેવા ઈચ્છતા ભગવા પક્ષોએ કોંગ્રેસ અને રાષ્ટ્રવાદીના ગઠબંધનને અપવિત્ર અને સત્તાપિપાસુ ગણાવ્યું એટલે મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસની નેતાગીરી ભાજપ અને સેનાની આ યુતિ અંગે આક્રમક પ્રતિક્રિયા આપે એ સ્વાભાવિક છે. રાષ્ટ્રવાદીના અધ્યક્ષ પવારનાં સાંસદ-પુત્રી સુપ્રિયા સુળે તેમ જ મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને રાજ્ય કોંગ્રેસના સાંસદ-અધ્યક્ષ અશોક ચવ્હાણે તો કહ્યું કે આ તો રાફેલચોર અને સત્તા માટેની લાચારીની યુતિ છે. રાજ્યસભાના સાંસદ પવાર અગાઉ લોકસભાની ચૂંટણી લડવાના નહોતા,પણ વિપક્ષનું મહાગઠબંધન સફળ થાય તો વડાપ્રધાન બનવાની તક નિહાળતાં એમણે લોકસભાની ચૂંટણી લડવાની તૈયારી દર્શાવી છે. વિપક્ષો સુપેરે જાણે છે કે ભાજપના જૂના સાથીઓ એની સાથે છેડો ફાડી રહ્યા છે, એ સંજોગોમાં મોદી-શાહ પર જે દબાણ છે એના પ્રતાપે જ બિહારમાં સ્વમાન છોડવા જેવું સમાધાન મુખ્યમંત્રી નીતીશકુમાર સાથે કર્યા પછી ભાજપના અધ્યક્ષ અમિત શાહે ''માતોશ્રી''નાં ચક્કર મારવાં પડે છે. બિહારમાંથી લોકસભામાં ભાજપની ૨૨ બેઠકો હોવા છતાં નીતીશકુમારના જેડી(યુ)ને ૧૭ અને પોતે ૧૭ રાખીને રામવિલાસ પાસવાનના લોક જનશક્તિ પક્ષને ૬ બેઠકો આપીને પણ ભાજપે જોડાણ કરી લીધું છે. અન્યત્ર પણ એ જ રીતે જોડાણની સમજૂતીઓ કરવાની ઉતાવળ તેની નેતાગીરીમાં જોવા મળે છે. સત્તા પુનઃ પ્રાપ્ત કરવામાં કોઈ કસર બાકી ના રહે, એની વેતરણમાં ભાજપ છે. કારણ, સામે પક્ષે વિપક્ષો સંગઠિત થઈ રહ્યા છે. જોકે ભારતની સરહદો પરની પરિસ્થિતિ કેવા સંજોગો સર્જે છે એના પર આગામી લોકસભા અને વિધાનસભાઓની ચૂંટણીનો કાર્યક્રમ નક્કી થશે,પણ ભાજપ પરિવાર તો કાયમ ચૂંટણીના મોડમાં જ હોય છે.

- haridesai@gmail.com

## સંકલ્પ સભા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૮મીએ અડાલજ ત્રિમંદિર ખાતે પ્રિયંકા ગાંધીની જાહેરસભાને લઈ કોંગ્રેસ દ્વારા પણ જિલ્લામાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. આજે વિપક્ષના નેતા પરેશ ધાનાણી અને પ્રભારી જીતેન્દ્ર બધેલજીની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી. જેમાં ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, સુરેશ પટેલ ઉપરાંત પૂર્વ ધારાસભ્ય કામીનીબા રાઠોડ તેમજ પંચાયતમાં ચુંટાયેલા સભ્યો અને કારોબારી સમિતિના સભ્યો હાજર રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં એકજ દિવસે બન્ને રાજકીય હરિફ પક્ષો દ્વારા યોજાયેલા કાર્યક્રમોને લઈ રાજકીય ઉત્તેજનાઓ સવાર થયેલી છે. કાર્યકરો પણ બેઠકોમાં વ્યસ્ત થયા છે. જોકે ચૂંટણીની જાહેરાત પૂર્વે આ કાર્યક્રમ કાર્યકોરમાં જોશ પૂરવા માટે મહત્વનો પૂરવાર થનાર હોઈ બન્ને પક્ષોની પ્રદેશ નેતાગીરી સુધી માર્ગદર્શન અને નજર રાખી રહી છે.

## ખાસ બેઠક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અધિકારીઓ પરિક્ષા સચિવ,શિક્ષણાધિકારી સહીતના અધિકારીઓ દરેક જિલ્લાઓમાં પરીક્ષા સંબંધિત પરિબળોને યોગ્ય કરવા માટે જરૂરી સુચનાઓ આપશે. જેમાં સી સી ટી વી કેમેરા,પરીક્ષાર્થીઓને લગતી આનુસંગિક વ્યવસ્થા, તેમજ કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે પણ કેન્દ્ર સંચાલકોને જરૂરી સુચના આપવામાં આવશે. આ ઉપરાંત જિલ્લા કલેકટર તેમજ શિક્ષણાધિકારીની ઉપસ્થિતિમાં જિલ્લાના કેન્દ્ર સંચાલકોની પણ બેઠક યોજાશે. બોર્ડની પરીક્ષાના આડે હવે માત્ર ૧૦ દિવસ જેટલો જ સમય આડો રહ્યો હોવાથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પરીક્ષાલક્ષી ઉત્તેજના પ્રબળ બની છે. પરીક્ષાને અનુલક્ષી વિદ્યાર્થીઓ તૈયારીમાં ગળાડુબ છે. ત્યાર શિક્ષણતંત્ર પણ તૈયારીમાં લાગી ગયુ છે.

## જીએસટી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવામાં આવી રહ્યા છે. આ નિર્ણય ચોક્કસપણે કન્ટ્રક્શન સેક્ટરને પણ રાહત આપશે. જીએસટી કાઉન્સિલની બેઠક બાદ નાણામંત્રીએ કહ્યું હતું કે, બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી, એનસીઆર, હૈદરાબાદ, કોલકાતા અને મુંબઈ જેવા મેટ્રો શહેરોમાં ૬૦ વર્ગમીટર કાર્પેટ વિસ્તાર સુધીના મકાન સસ્તીરીતે મળી જશે જ્યારે નોન મેટ્રો શહેરોમાં ૯૦ વર્ગફૂટ સુધીના આવાસ અફોર્ડેબલ ગણવામાં આવશે. આની મહત્તમ કિંમત ૪૫ લાખ રૂપિયા સુધીની રહેશે. નવા દરો પહેલી એપ્રિલ ૨૦૧૯થી અમલી કરવામાં આવશે. હાલના સમયમાં નિર્માણ હેઠળની યોજનાઓ અથવા તો પ્રોપર્ટી અથવા તો રેડિ ટુ મુવ ફ્લેટ જેને પૂર્ણ સર્ટિફિકેટ મળ્યા નથી તેમના પર ૧૨ ટકા જીએસટી લાગૂ થાય છે. જો કે, વેચાણના સમયે પૂર્ણ સર્ટિફિકેટ મેળવી ચુકેલી પ્રોપર્ટી પર જીએસટી લાગૂ થતાં નથી. કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં ૨૦મી ફેબ્રુઆરીના દિવસે પણ બેઠક યોજાઈ હતી જેમાં આ અંગે નિર્ણય ટળી ગયો હતો. બિલ્ડરો હવે નવા જીએસટી રેટ હેઠળ ઈનપુટ ટેક્સ ક્રેડિટનો દાવો પણ કરી શકશે નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલની બેઠક અગાઉ ૨૦મી ફેબ્રુઆરીના દિવસે મળી હતી જેમાં નિર્માણ હેઠળના રિયલ એસ્ટેટ માટે રેટમાં સુધારા અંગે નિર્ણય ટાળી દેવામાં આવ્યો હતો. નાણામંત્રી અરુણ જેટલીએ વાયા વિડિયો કોન્ફરન્સ મારફતે આ બેઠક યોજી હતી. રિયલ એસ્ટેટ અંગે તેની અંતિમ ભલામણમાં કેટલીક રજૂઆતો કરવામાં આવી હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના નેતૃત્વમાં જીઓએમ દ્વારા નિર્માણ હેઠળના આવાસો ઉપર જીએસટીના રેટ ઘટાડવાની તરફેણ કરવામાં આવી હતી.

## વ્યાપક દરોડા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે રવિવારના દિવસે પણ કાર્યવાહી જારી રહી હતી. હેલિકોપ્ટર પણ સેવામાં રાખવામાં આવ્યા હતા. અટકાયત અને ધરપકડનો દોર આવતીકાલે પણ જારી રહે તેવી શક્યતા છે. આવતીકાલે સોમવારના દિવસે સુપ્રીમ કોર્ટમાં કલમ ૩૫એને લઈને સુનાવણી થનાર છે. આ જોગવાઈમાં ૧૯૫૪ના ખાસ અધિકારોની વ્યવસ્થા છે. જમ્મ કાશ્મીરના લોકોને આમા ખાસ સુવિધા અપાયેલી છે. અટકાયતમાં લેવામાં આવેલાઓમાં તમામ કટ્ટરપંથી લીડરો સામેલ છે. કેન્દ્રના એક્શનથી કાશ્મીર ખીણમાં અંધાધૂંધી ફેલાયેલી છે. જમાતે ઈસ્લામી પર કાર્યવાહી અને અર્ધલશ્કરી દળોની તૈનાતીથી કાશ્મીર ખીણમાં જુદી જુદી પ્રતિક્રિયાઓ આવી રહી છે. સુરક્ષા દળોને એલર્ટ રાખવામાં આવ્યા છે.

કાશ્મીર ખીણમાં એવી ચર્ચાઓ પણ છે કે, કેન્દ્રની મોદી સરકાર વટહુકમ મારફતે કલમને બિનઅસરકારક કરવાની તૈયારીમાં છે. કલમ ૩૫એ જમ્મુ કાશ્મીર સિવાયના બાકી રાજ્યોના લોકોને સંપત્તિની ખરીદી, આવાસ અને રાજ્ય સરકારની યોજનાઓના લાભાર્થી બનવાથી રોકે છે. જમ્મુ કાશ્મીરમાં સીઆરપીએફની ૪૫, બીએસએફની ૩૫, એસએસબીની ૧૦ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. તમામ સરકારી કર્મચારીઓની રજા પણ રદ કરવામાં આવી છે.

## યુદ્ધ સ્મારક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આહૂતિ આપનાર ૨૨૬૦૦ જવાનોના સન્માનમાં ઈન્ડિયા ગેટની સામે નેશનલ વોર મેમોરિયલ અને નેશનલ વોર મ્યુઝિયમનું નિર્માણ કરવામાં આવી ચુક્યું છે. સશસ્ત્ર દળો તરફથી આવા રાષ્ટ્રીય સ્મારકની છ દશકોથી માંગ કરવામાં આવી રહી હતી. આ પ્રોજેક્ટના નિર્માણ ઉપર ૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અન્ય તમામ યુદ્ધ અને ઓપરેશન સિવાય ૧૯૯૯માં કારગિલમાં શહીદ થયેલા જવાનોના નામ પણ અહીં મુકવામાં આવ્યા છે. આ મેમોરિયલમાં ભૂમિ સેના, વાયુ સેના અને નૌકા સેનાના જવાનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી છે. તમામ વીર જવાનોના નામ સ્મારકોમાં નોંધવામાં આવ્યા છે. આ પહેલા ઈન્ડિયા ગેટ વોર મેમોરિયલનું નિર્માણ કરાયું હતું. ૧૯૩૧માં પ્રથમ વિશ્વ યુદ્ધમાં ભાગ લેનાર ભારતીય સૈનિકોના સન્માનમાં આનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પ્રથમ વખત ૧૯૬૦માં નેશનલ વોર મેમોરિયલ બનાવવા માટેની દરખાસ્ત સશસ્ત્ર દળો તરફથી આવી હત. આવતીકાલે ૨૫મી ફેબ્રુઆરીના દિવસે સ્મારકને મોદી રાષ્ટ્રને સમર્પિત કરશે ત્યારે આ પ્રસંગે ભૂમિ સેનાના વડા ઉપરાંત નૌકા સેનાના વડા પણ ઉપસ્થિત રહેશે.

## નિષ્ફળ પ્રયાસ ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. ૨૫ વર્ષીય શખ્સે ફ્લાઈટ બીજી ૧૪૭ના હાઈજેકનો પ્રયાસ કર્યો હતો. બંદૂકધારીએ દાવો કર્યો છે કે, તેની કમરમાં સુસ્પાઈટ બેલ્ટ પણ છે. આ શખ્સે બંદૂકની અણીએ એક ક્રૂ મેમ્બરને બાનમાં પકડી લીધો હતો. બંદૂકધારીએ બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના સાથે વાતચીત કરવાના પ્રયાસ કર્યા હતા. કેટલાક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, બંદૂકધારીએ કોકપિટમાં ઘુસતા જ ગોળીબાર કર્યો હતો. એમ માનવામાં આવે છે કે, ઝડપી લેવામાં આવેલો શખ્સ વિદેશી નાગરિક છે. દેશના નાગરિક ઉડ્ડયન વડા નઈમ હસને કહ્યું હતુ કે, શકમંદે બોંબ હોવાની વાત કરી હતી. આ શખ્સે માનસિકરીતે બિમાર હોવાનું પણ જાણવા મળ્યું છે.

કંપની સમાચાર

### ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ગેરેન્ટેડ મંથલી ઈન્કમ પ્લાન લોંચ થયો

### જીવન વીમાકવચ સાથે સુનિશ્ચિત માસિક આવક ઓફર કરતી પ્રથમ પ્રકારની જીવન વીમાયોજના

બેંક ઓફ બરોડા અને આંધ્ર બેંક દ્વારા પ્રમોટેડ ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સે નોનલિન્કડ, પાર્ટિસિપેટિંગ, લિમિટેડ પ્રીમિયમ પ્રોડક્ટ ગેરેન્ટેડ મંથલી ઈન્કમ પ્લાન આજે લોંચ કર્યો હતો. આ પ્લાન બચત વધારવા માટે બનાવવામાં આવ્યો છે, જે ગ્રાહકોને આવક અને નાણાંકીય સુરક્ષા એમ બંને ઓફર કરે છે.

આ લોંચ પર ઈન્ડિયાફર્સ્ટ લાઈફનાં ડેપ્યુટી સીઈઓ રૂષભ ગાંધીએ કહ્યું હતું કે, ''આપણી આકાંક્ષાઓ આપણી નાણાંકીય સ્થિતિ પર હોય છે. સુનિશ્ચિત માસિક આવક સાથે અમે આપણાં સ્વપ્નો અને લક્ષ્યાંકો પૂર્ણ કરવાની અનુકૂળતા પ્રદાન કરી છે. આનો વિચાર કરીને ઈન્ડિયાફર્સ્ટ લાઈફે એનાં ગ્રાહકોને ગેરેન્ટેડ મંથલી ઈન્કમ પ્લાન પ્રસ્તુત કર્યો છે.

ઈન્ડિયાફર્સ્ટ લાઈફ ગેરન્ટેડ મંથલી ઈન્કમ પ્લાન ગ્રાહકોને જરૂરી પ્રીમિયમની ચુકવણી કર્યા પછી માસિક ચુકવણી મેળવવાની શરૂઆત કરવા ઈચ્છે તો પસંદગી કરવાની સુવિધા આપે છે. આ પોલિસીની મુદત દરમિયાન જીવન વીમાકવચ પ્રદાન કરે છે. પછી ગ્રાહક પ્રીમિયમની ચુકવણી કરે કે ન કરે, વર્ષોના વિશિષ્ટ અંતરનો લાભ લે કે ન લે અથવા ચુકવણી મેળવે કે ન મેળવે, ઉપરાંત મેચ્યોરિટી પર ચુકવવાપાત્ર વાર્ષિક બોનસનો લાભ પણ મળે છે.

રૂષભે ઉમેર્યુ હતું કે, ''આ પ્લાન ગ્રાહકોને વધતા ગેરેન્ટેડ રિટર્નની સલામતી સાથે વિવિધ જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદરૂપ થશે.''